II શ્રી રામકબીર સત્ય છે II

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ સુરત સંચાલિત

# કબીરવાણી

website : www.kabirvaniindia.com

વર્ષ : ૧૦ જાન્યુઆરી : ૨૦૨૪ અંક : ૧૧૮

**જા માનુષ ધર્મયુત, રાખૈ શીલ વિચાર ।**
**ગુરુ મુખ બાની સાધુ સંગ, મન બચ સેવા સાર ।।**

શબ્દાર્થ : 'જે મનુષ્ય ગૃહસ્થ ધર્મયુક્ત છે, તેણે સદ્‌વિચાર અને શીલ રાખવું જોઈએ. ગુરુમુખવાણી, સાધુસંગ અને મન, વચનથી સેવાને જ સાર સમજે.'



માનદ્ તંત્રી : રીટા મનિષ ભક્ત

નવા વરસમાં નથી નવું કાંઈ, બધું પુરાણું ભાસે છે,
એ જ સ્વાર્થ ને એ જ ભોગમાં, નવું નવું શું લાગે છે ?
એ જ દિવસે ને એ જ રાત છે, સૂર્ય ઊગે છે એનો એ,
એ જ જગની જુઠી જંજાળો, નવું વરસ હું માનું શેં ?
કાળ ગણિતમાં નવું જુનું ના, બધું એકનું એક દીસે,
દિશાહીન જીવન પ્રવાહમાં, નવું વળી શું કહેવાશે ?
નવા વરસમાં નવા નિશ્ચયો, નવા નિર્ણયો લેવાશે,
નવું ધ્યેય લઈ આગળ વધશો, તો નવું વર્ષ કહેવાશે.
નવા પ્રાણ પુરાય જીવનમાં, નવો વેગ જીવન પામે,
નવા ઉમંગો ઉભરાય દિલમાં, તો નવું વર્ષ કહેવાશે.
નવું જુનું કૈ નથી સમયમાં, નવું જુનું આપણાં મનમાં,
નવયુવાન થઈ જીવું મનથી હું, તો નવું વર્ષ કહેવાશે.
બાલીશતા ગઈ બાલ્યકાળની, વૃદ્ધ નીરાશાના સ્પર્શે,
સત્કાર્યોથી મહેંકે જીવન જો, નવું વર્ષ તો કહેવાશે.

રાજેન્દ્ર દ. ભક્ત - Prescott valley AZ USA/ઓરણા

## ''કબીરવાણી પ્રકાશન માહિતી''

* કબીરવાણી મેગેઝીન ડીજીટલી પ્રકાશિત થઈ રહ્યું છે. જેથી દેશ વિદેશના જ્ઞાની લેખકો પોતાના લેખો What app ઉપર ફક્ત PDF ફોરમેટમાં મોકલી શકશે, સાથે Email પણ કરી શકે.
  Email: ritabhakta72@gmail.com
  99095 94237 Whatsapp No of Editor Ritaben.

* કબીરવાણી સ્મૃતિઅંક રેગ્યુલર અંક એક ફોટાનું દાન - રૂા. ૫૦૦૦/- છે. વાર્ષિક, માસિક અથવા પ્રાયોરીટી શ્રધ્ધાંજલિ એક ફોટાનું દાન - રૂા. ૨૧,૦૦૦/- છે. જેની નોંધ રાખશો.
* સ્મૃતિઅંક દાન માટે પાસપોર્ટ સાઈઝ ફોટો, ફોટાનું ઈમેઈલ, જન્મ-મૃત્યુ તારીખ, પરિવારજનોના નામ તથા સ્વર્ગસ્થના જીવન તથા સેવાકાર્યોના પોઈન્ટ અથવા તો પૂર્ણ શ્રધ્ધાંજલિ પરિવારજનો આપે એ આવશ્યક તથા ફરજિયાત છે.
* સૌ ભક્તજનોનો ફોન સંપર્ક શક્ય નથી. જેથી ઉપર મુજબના નિયમોને સ્વેચ્છાએ સ્વીકારી સમાજની પ્રવૃત્તિના કાર્યકર્તાઓ પ્રોત્સાહન તથા આશીર્વાદના અભિલાષી છીએ.
* દેશ-વિદેશમાંથી નવા-નવા લેખકો, જ્ઞાન વડીલો કબીરવાણી માટે લખવા પ્રેરિત થાય એવી દિલથી અપેક્ષા રાખું છું.

માનદ્ તંત્રીશ્રી રીટા ભક્ત-બારડોલી/USAના રામકબીર.



શ્રી રામકબીર સંપ્રદાય ભક્ત જ્ઞાતિના રામકબીર મંદિર ટ્રસ્ટ
સુરત દ્વારા સંચાલિત

# કબીરવાણી

માનદ્ તંત્રી : રીટા મનિષ ભક્ત

વર્ષ : ૧૦ ૧૧-૦૧-૨૦૨૪ અંક : ૧૧૫

## ક્રમિકા


- તંત્રી સ્થાનેથી...................................... ૨
- Translation Editorial Artical.................. ૬
- કબીરવાણી શ્રી રામકબીર ભક્ત સમાજનું ધબકતું અંગ !.................................... ૧૧
- Quotablegems.................................... ૧૨
- આપણા શાસ્ત્રો એ જ આપણું સર્વસ્વ........... ૧૬
- મધુરાધિપતે શ્રીકૃષ્ણ............................... ૧૮
- સંયમિત વાણી...................................... ૨૦
- પાપ કરે સો હરિ મિલે.............................. ૨૧
- એકલતા... હું અને મારી એકલતા............. ૨૨
- કબીર કહે સત્સંગ કરી લો....................... ૨૪
- અંગ્રેજી વિભાગ...................................... ૨૫


## ભજન

ભંવર ઉડે બગ બૈઠે આય,
રૈન ગઈ દિવસો ચલિ જાઈ.
હલ હલ કાંપે બાલા જીવ,
ના જાનૌ કા કરિ પીવ.
કાચે બાસન ટિકૈ ન પાની,
ઉડિ ગૌ હંસ કાયા કુમ્હિલાની.
કાગ ઉડાવત ભુજા પિરાની,
કહંહિ કબીર યહ કથા સિરાની.

જયશ્રી એમ. ભક્ત-ધલુડા

તંત્રીશ્રી : રીટાબહેન મનિષભાઈ ભક્ત
''યશ આઈ હોસ્પિટલ''
એ-૧૪, પાટીદાર જીન સોસાયટી
સરદાર હોસ્પિટલની સામેની ગલી
સ્ટેશન રોડ, બારડોલી
Editor : Rita Manish Bhakta
Con.no. 99095 94237
Email : ritabhakta72@gmail.com

Owner :
Shree Ramkabir Mandir Trust
Publisher and Printer :
Karshanbhai L. Bhakta

Place of Publication :
Shree Ramkabir Mandir Trust
Begampura, SURAT

Printing Press :
Ronak Printers
Sakina chamber,
Surati jakat naka
BARDOLI-394 601

E-mail:
ronakprintersbardoli@gmail.com

# નવીનતમ સંકલ્પોથી જીવન સાફલ્ય

**તંત્રીસ્થાનેથી...**

આદરણીય કબીરવાણી વાચકમિત્રો.

સૌને ૨૦૨૪ નવવર્ષની વિશેષ શુભકામનાઓ સહ પ્રણામ સાથે રામકબીર !

કબીરવાણી જાન્યુઆરી ૨૦૨૪ અંક નં. ૫૯૦ ડીજીટલી પ્રકાશિત થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩ દરમ્યાન સમગ્ર વિશ્વ તથા વિશ્વવ્યાપી ભક્તસમાજના મૃત્યુ પામેલા સ્વજનોના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

કબીરવાણી ૨૦૨૪ થી આપણે નિયમીત રીતે ઑનલાઈન જોઈ શકીશુ. ભક્ત સમાજના સોશિયલ મીડિયા ઉપર એની વિગતવાર માહિતી મળશે. વિશ્વવ્યાપી ભક્ત સમાજની વિવિધ સંસ્થાઓ ઉપર પણ ઍપની જાણકારી માકેલવામાં આવશે.

ન્યુઝલેટર સ્વરૂપે અસ્તિત્વ પામનાર આપણી કબીરવાણી, પા પા પગલી સ્વરૂપ સમયે પુસ્તક સ્વરૂપે ભક્તજનોના મનને શ્રેષ્ઠ વિચારોનુ ભાથું આપતી આવી છે. આપણે જાણીએ છીએ કે સમય પરિવર્તનશીલ છે. સમય, સંજોગો, આધુનિકતા સાથે કદમ મિલાવતી કબીરવાણી જીવનનાં વિવિધ કલરોને પોતાના સ્વરૂપમાં સદ્‌વિચારો સાથે પીરસતી આવી છે.

૨૧મી સદીમાં પ્રવેશતા જ વિશ્વભરમાં આધુનિકતાની જાણે ક્રાંતિ આવી હોય એવુ લાગ્યુ. ટેકનોલોજીનો વિકાસ માનવ વિકાસનું મહત્ત્વનું પરિબળ અને માધ્યમ બન્યું. આજે સમગ્ર વિશ્વ આંગળીના ટેરવે નિહાળવાની સહજતા આપણે સૌ જીવી રહ્યાં છે. બ્રહ્માંડની અવનવી શોધો, ચંદ્રમા ઉપર પહોંચવાની વિશિષ્ટ ઉપલબ્ધિઓ એ માનવ દ્વારા જ વિકસાવાયેલ ટેકનોલોજીની દેણ છે. સમયના પ્રવાહ સાથે સમસ્ત ભક્ત સમાજ વિદેશોમાં જઈને વસ્યો છે. ભારતમાં સમાજ પરિજનોની સંખ્યા ઘટતી રહી છે. ભક્ત સમાજ ભારતથી સતત પ્રકાશિત કબીરવાણી જાન્યુઆરી ૨૦૨૩થી પોસ્ટલ મુશ્કેલીઓને કારણે રવાના ન કરી શક્યા. ટ્રસ્ટ દ્વારા વિકલ્પો વિચારાયા અને કબીરવાણીને ડીજીટલાઈઝ કરવાનો શુભ નિર્ણય લેવાયો.

આધુનિકતાના રંગે રંગાયેલ આપણી કબીરવાણી હવે આપણા સૌના કરકમળમાં ટેકનોલોજીના માધ્યમથી વાંચીશું. કબીરવાણીના આ નવા સ્વરૂપને આપ સૌ ખૂબ જ પ્રેમથી વધાવશો એવી નમ્ર પ્રાર્થના છે. વિચારોમાં સતત સત્વ જાળવવા વાંચન જરૂરી છે. કબીરવાણીનુ વાંચન વાચકોને આ નવ વર્ષમાં મનથી સક્ષમ અને સમૃદ્ધ બનાવો એવા શુભભાવ સહ...

નવા વર્ષમાં નવું શું ? જીવનમાં દિવસ, રાત નિત્યક્રમ બધું જ એક સરખુ જ રહેવાનુ !

વર્ષ બદલાયુ પણ આપણે કેવી રીતે હકારાત્મકતાથી બદલાઈએ એ વિચારીએ. જીવનને હકારાત્મક અભિગમ આપવાનો સંકલ્પ જીવવો એ જ નવ વર્ષનો સાચો મહિમા છે. માનવ જિંદગીમાં સંકલ્પ હોવો જ જોઈએ. મોટા કે વિશાળ સંકલ્પો ન હોય, પરંતુ નાના નાના સંકલ્પો તો લેવાય. જીવનમાં જીતવું કે સફળ થવું જરૂરી નથી. જીત કે સફળતાથી ઉપર કોઈક આંતરિક સંકલ્પ જરૂરી છે.

આપણે બધા હવે દિવાળી સાથે વર્ષના આરંભે એટલે કે દર વર્ષે જાન્યુઆરી 1st New Year તરીકે ઉજવીએ છીએ. ૩૧મી ડીસેમ્બરે રાત્રે બાર વાગ્યા સુધી જાગી, મિત્રો સાથે કે સંબંધીઓ સાથે ભેગા મળી... હેપી ન્યૂ ઈયર, હેપી ન્યૂ ઈયરના નાદ સાથે નવ વર્ષ પ્રારંભ થયું. આપણે વડીલોને, સંબંધીઓને, મિત્રોને પ્રેમથી મળ્યા, ભેટ્યા, મોઢા ઉપર નકલી સ્માઈલ રાખીને બધાને વીશ કરી દીધું. આનંદ, મજા, ઉત્સાહ જાણે ક્ષણિક જ હતું. નવ વર્ષનો મુખ્ય ધ્યેય નવસંકલ્પ હોય. પરંતુ આપણે તો ફાયરવર્કની ચકાચોન કે ઝગમગાટની જેમ તરત જ ડીમ થઈ જઈએ. જીવનના ધ્યેયનો જે પ્રકાશ ઝગમગવો જોઈએ તે અદૃશ્ય થઈ જાય.

તો ચાલો આપણી આ સ્થિતિને આ વર્ષે બદલીએ. સમય બદલાયો છે, યુગ પણ બદલાયો છે અને આપણા જીવનની અનિશ્ચિતતા વધી રહી છે. આપણા મનમાં આપણા ભવિષ્યના જીવન વિશે શૂન્યાવકાશ હોય એવુ અનુભવાય. તો ચાલો થોડા નવસંકલ્પો લઈએ. સંકલ્પો લેવા કઠિન નથી. સંકલ્પો એટલે મનથી લેવાયેલ દૃઢ નિશ્ચય, જે નિયમ બનાવી આપણે જીવન જીવવું જોઈએ. સંકલ્પો કે નિયમો જસ્ટ સહજતાથી વિચારીએ, એને સ્ટ્રીકલી નિભાવવાનો જે ડર છે તે કાઢી નાખીએ. જેમ આપણે ટેલીફોન યુગમાંથી સેલફોન યુગમાં આવ્યા તેમ જ આપણા જીવનના નકારાત્મક વાણી, વર્તન, વ્યવહારને સકારાત્મક સ્વરૂપ આપવાની મક્કમતાને સંકલ્પ સમજીએ. મિત્રો, જીવન એક ઉત્સવ છે. જીવનમાં પ્રેમ, ખુશીઓ અને સદ્‌ભાવ આપણને પરમ સુખ કે આનંદ આપી શકે તો થોડા સંકલ્પો લઈએ.

*** જીવનમાં હંમેશાં પોઝીટીવ અને જીવંત રહીએ :**

પોઝીટીવ અને જીવંત એટલે શું ? ભૌતિકવાદના યુગમાં માણસને જીવનનાં ઘણાં ક્ષેત્રે નિરાશા કે નિષ્ફળતા મળે છે અને આપણને એવું લાગે કે મારા જીવનમાં તો તકલીફો જ છે. પરંતુ હંમેશાં એક વાત યાદ રાખવી. દરેક કાળી રાતમાં ચંદ્રમાની ઉપસ્થિતિનો આનંદ લેવો. અને દરેક રાતનાં અંતે નયનરમ્ય સવાર અને ઉગતા સૂરજની પ્રકાશિત આભા આવે જ છે. જીવનના દરેક તબક્કામાં હકારાત્મક અભિગમ રાખી, નિરાશ થવાને બદલે જીવંતતાથી જીવવાનો સંકલ્પ લઈએ.

*** જીવનની દરેક પળ કીમતી છે... તેને આનંદમાં વિતાવીશું !**

આપણને એવું લાગે કે દરેક ક્ષણ આનંદમાં કેમ જીવાય ! ઈટ્સ રીયલી નોટ પોસીબલ. આપણે ઑફિસમાં બધુ જ કામ બરાબર કરતા હોઈએ અને આપણા બોસ એમાં કંઈક ને કંઈક ખામી કાઢી આપણને ખીજવાય જાય, તો દરેક પળ આનંદમાં થોડી જીવાય ! આવા સમયે જીવનની આ સચ્ચાઈને સ્વીકારી લઈએ તો મનમાં દુઃખ કે પરેશાની ન અનુભવાય. એ જ રીતે સવારથી સાંજ સુધી આપણે એક પછી એક ઘણાં બધાં કામો કરવાના હોય, તો જીવનની આ સચ્ચાઈ કે પરિસ્થિતિને સ્વીકારી લેવી. કોઈપણ વસ્તુ કે વ્યવહાર, વર્તનનો બોજો મગજ પર ન રાખી, બિન્દાસ બની બધી જ વિપરિત પરિસ્થિતિઓનો સામનો કરી શકીએ.

*** જીવનનાં સંજોગોનો સ્વીકાર અને અપેક્ષાઓને સીમિત અથવા નહિવત રાખીશું !**

આપણા જીવનનાં દરેક સંજોગો એ વિધિનુ વિધાન છે. આપણે એવા યુગમાં જીવીએ છીએ જ્યાં પરિવાર કે નજીકના સંબંધોમાં નાની નાની વાતોમાં ગેરસમજો સામાન્ય બની ગઈ છે. તો જીવનનાં આ સૌ સત્ય કે તથ્યો સ્વીકારીએ, એના વિશે વિચારી દુઃખી થવાને બદલે એને સ્વીકારીએ. એ જ રીતે આ બધી તકલીફોનું મૂળી આપણી અપેક્ષાઓ છે. સમય બદલાયો છે. પહેલાના સમયમાં સંયુક્ત પરિવારમાં બાળકો માતા-પિતાને માન-સન્માન, પ્રેમ, આદર આપી તેમની ખૂબ સેવા કરતા. આધુનિક યુગમાં આવી જ અપેક્ષા રખાય તો એ બીઝીયુગના બાળકો કેવી રીતે પૂર્ણ કરે ? સંજોગોને મનથી સ્વીકારીએ તો કદાચ બાળકો જાતે જ જવાબદાર બનશે.

So Accept all situations and Never Expect anything from anyone !

*** સંકલ્પ કરો કે સંઘર્ષ છે તો જ સફળતા છે. સંઘર્ષથી ડરશુ નહિ કે નિરાશ થશુ નહિ !**

નવા વર્ષને દિવસે જેટલા ઉત્સાહથી પાર્ટી કે ઉજવણી કરીએ છીએ, એટલા જ ઉત્સાહથી જીવનના દરેક સંઘર્ષને ઉજવો. જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળતાના પાયામાં અકલ્પનીય સંઘર્ષ હોય છે. સંઘર્ષ અને મહેનત સફળતાની સીડીના મુખ્ય પગથિયા છે. ઘણા મનુષ્યો ભગવાન ભરોસે બેસી, આવતા વર્ષે કરીશ અથવા ચોક્કસ સમય પછી કામ કરશું એવું વિચારી, આળસને જીવનમાં પ્રવેશ આપે છે. અને આળસનો અજગર તમને મહેનત ન કરવા દેય, તો પછી જીવનની વિકટ પરિસ્થિતિઓ કેવી રીતે બદલાય ? ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણએ સ્પષ્ટ સમજાવ્યું છે, સંઘર્ષ એ જીવનનો એક ભાગ જ છે. મહેનત કે સંઘર્ષ વિના ધ્યેય પ્રાપ્તિ અસંભવ છે. બાહ્ય કે આંતરિક સંઘર્ષ સામે વિજય મેળવવાનો સંકલ્પ જ જીવનને

સફળતા કે આનંદ આપી શકે. અર્જુનનાં મનનાં સંઘર્ષ ઉપર જીત મેળવી યુદ્ધ કર્યું, તો જ વિજયી બન્યો.

*** જીવનમાં ધીરજ, સહનીશીલતા અને સાતત્ય કેળવવું.**

આજના યુગમાં ધીરજ, સહનશીલતા અને સાતત્યની ખોટ સર્વત્ર વર્તાય છે. જીવનની દરેક તકલીફોનું મૂળ આ ખામીમાં જ છે. આજે પરિવાર કે લગ્નનાં સંબંધો એક ક્ષણમાં તૂટી જાય છે. બધાને ચપટીમાં સફળતા અને પૂર્ણતા પ્રાપ્ત કરવી છે. નેચરલ ડેથ કરતા સ્યુસાઈડ કરનારા લોકો વધી રહ્યા છે. સંઘર્ષ કે નિષ્ફળતા સમયે ધીરજ રાખી વિચારતા શીખીએ કે, 'આ સમય પણ વીતી જશે.' ભગવાન પર વિશ્વાસ રાખીએ. દરેક વાતની ચિંતા કરવાની જગ્યાએ ચિંતન કરતા શીખીએ. જીવનમાં માનસિક હિંમત રાખતા શીખીએ. આપણા વર્તન-વ્યવહારમાં સાતત્ય વિકસાવીએ. આપણે જાણીએ છીએ કે ધીરજના ફળ મીઠા જ હોય છે !

*** આત્મવિશ્વાસ અને વિશ્વાસ જીવનમાં જરૂરી છે.**

આત્મવિશ્વાસ એટલે પોતાના ઉપર ભરોસો. પોતાની સર્વ શક્તિ અને ક્ષમતાઓ ઉપર અડગ વિશ્વાસ કેળવવાનો સંકલ્પ જરૂરી છે. ઘણાં નબળા, ઢીલા પોચા વ્યક્તિઓની નિષ્ફળતા જોઈને પોતાનો આત્મવિશ્વાસ ન ગુમાવીએ એ જરૂરી છે. આત્મવિશ્વાસ વાતોમાં નહીં પરંતુ સમયસર કામ પૂરું કરવામાં હોય છે. કાર્યોને કે જીવન ધ્યેયને સમર્પિત કરવા શેડયુઅલ બનાવો. માનવ માત્રમાં વિશ્વાસ રાખવાનો દૃઢ સંકલ્પ પણ વિકસાવીએ.

*** વાંચન-મનનનો સંકલ્પ, પોતાના 'સ્વ' માટે સમય ફાળવવો.**

જીવનનાં ધ્યેયને કે લક્ષ્યને સાર્થક કરતા કરતા પોતાની મનગમતી પ્રવૃત્તિ માટે સમય ફાળવવો અત્યંત જરૂરી છે. ચોવીસ કલાકમાંથી થોડો સમય વાંચન કે મનન માટે કાઢવો જ જોઈએ. સંગીત સાંભળવું, વાંચવું, વંચાવવું, કુદરતના ખોળે વિહરવું, મનોરંજનના માધ્યમોને માણવા જેવી પ્રવૃત્તિઓ જીવનને રસમય અને જીવંત બનાવે છે. જીવનમાં મનગમતા કાર્યો પૂર્ણ કરવાનું લીસ્ટ બનાવો. પ્રવાસ કરો. ટૂંકમાં જિંદગીને ભરપુરતાથી માણો, નવી નવી પ્રવૃત્તિઓ એકસ્પ્લોર કરો.

**નવા વર્ષમાં ઘણું બધું મેળવવા કરતા, નાના નાના સપનાઓ જુઓ. તેને પૂર્ણ કરવા ઉપરોક્ત બધા જ સંકલ્પો અજમાવો. પોતાના મનનાં ઘોડાને અને તેની લગામને નાથવાની સજાગતા કેળવીએ. સમયની કિંમત સમજીએ. ફક્ત પૈસા પાછળ ભાગવાનું લક્ષ્ય ન રાખી, પરિવાર - સંબંધોને સમય આપીએ. બાળકો સાથે રમીએ,**

પરમાત્મામાં વિશ્વાસ કેળવીએ. આ વર્ષ પણ ઝડપથી પૂર્ણ થઈ જશે. વર્ષનું સરવૈયુ કાઢીએ ત્યારે હકારાત્મકતા કે જીવંતતાથી જીવ્યા એવું સમજાવું જોઈએ. જીવનમાં માફી માંગતા, માફ કરતા શીખીએ. કૃતજ્ઞતા કેળવીએ. નાની નાની વાતોમાં સૌને પ્રેમ, સન્માન અને આભાર વ્યક્ત કરીએ. પરમાત્માનો દરરોજ આભાર માનીએ. આ સુંદર જીવન માટે, જીવનની દરેક ક્ષણ માટે, જીવનની બેસુમાર ખુશીઓ માટે. જીવનમાં સત્ય પથ, નિતી અને સિધ્ધાંતોની પગદંડીથી જીવનનાં ધ્યેયને પામીએ. શિસ્ત, નિયમિતતા, મહેનત સફળતા માટે જરૂરી છે. બાહ્ય અને આંતરમન બંનેના લક્ષ્યને સાર્થક બનાવો.

રીટા મનિષ ભક્ત
M.A., B.Ed. Eng/Sans.
માનદ્ તંત્રીશ્રી-બારડોલી/USA
Email : ritabhakta72@gmail.com

તંત્રીશ્રીને દાન આપવા આવવા માટે
ફક્ત વોટ્સએપ મેસેજ : ૯૯૦૯૫ ૯૪૨૩૭

એડ્રેસ ચેઈન્જ માટે સંપર્ક ઈમેઈલ :
< addresschangekabirvani@gmail.com >

કબીરવાણી વેબસાઈટ :
www.kabirvaniindia.com

## Successful life with New Resolutions

**From the Editor's Desk…**

Dear Kabirvani Readers.

A special Happy New Year 2024 to everyone Ramkabir with obeisance!

Kabirvani January 2024 Issue no. 590 is being published digitally. During the year 2023, let us pray to God for the peace of the souls of the deceased relatives of the entire world and the worldwide devotee society. Om Shanti: Shanti: Shanti:

We will be able to read Kabirvani online regularly from 2024. Detailed information will be available on the social media of the Ramkabir bhakta samaj.Information about the app will also be sent to various organisations of the worldwide Bhakta community.

Our Kabirvani, which existed in the form of a newsletter, has been giving the best ideas to the minds of the Bhaktajans in the form of a book at the time of Pa Pa Pagli. We know that time is changeable. Keeping up with the times of modernity, Kabirvani has been serving different colours of life with good intentions to spread good thoughts in its own form.

As we entered the 21st century, the world felt as if a revolution of modernity had taken place. Development of technology became an

important factor and means of human development. Today we all live with the convenience of watching the entire world at our fingertips. The advanced discoveries of the universe, the unique achievements of reaching the moon are due to the technology developed by humans. With the flow of time, the entire Bhakta community has gone and settled in foreign countries. The number of social families in India is decreasing. Bhakta Samaj could not dispatch Kabirvani continuously published from India since January 2023 due to postal difficulties. The Trust considered the options and took a good decision to digitalize Kabirvani.

Our Kabirvani painted in the color of modernity will now be read in the palm of our hands through the medium of technology. It is a humble prayer that you all welcome this new form of Kabirvani with great love. Reading is necessary to maintain the constant essence of thoughts. The reading of Kabirvani is auspicious to make the readers mentally capable and prosperous in these nine years...

What's new in the new year? In life, day, night, routine, everything remains the same!! The year has changed but let us think how to change positively. Living the resolution to give a positive approach to life is the true glory of nine years. There must be determination in human life. There should be no big or big resolutions but small resolutions should be taken. It is not necessary to win or be successful in life. More than victory or success, some inner determination is necessary.

We all now celebrate Diwali at the beginning of the year i.e. January 1st every year as New Year. 31st December we all woke up till twelve o'clock in the night, gathered with friends or relatives to celebrate Happy New Year On exact moment of a new year starting, the sound of greeting new year wish is so exciting . We meet and embraced elders - relatives - friends with love. With a fake smile on our face, sometime we try to fool everyone. The joy - fun - enthusiasm seemed to be momentary. The main goal of the new year should be a new resolution. But as soon as it starts we are dimmed like the sparkle of a firework, the light of life's purpose that should shine is gone.

So let's change our situation this year. Times have changed, Era have also changed and the uncertainty of our lives is increasing. We feel a void

in our mind about our future life. So let's take a few new resolutions. Resolutions are not hard to make. Resolutions are firm decisions made by the mind, the rules by which we should live our lives. Let's just think of the resolutions or rules easily, remove the fear of following them strictly. Just as we moved from the telephone age to the cellphone age, let's resolve to change the negative speech-behaviour of our lives into a positive form. Friends life is a festival. If love, happiness and goodwill can give us ultimate happiness or joy in life, let's take some resolutions.

*** Always be positive and lively in life.**

What is positive and lively ? In the age of materialism, man experiences disappointment or failure in many areas of life and we feel that there are only problems in my life. But always remember one thing. Enjoy the presence of the moon in every dark night. And at the end of every night comes a beautiful morning and the bright glow of the rising sun. Let's take a positive approach in every phase of life, resolve to live vibrantly instead of getting discouraged.

*** Every moment of life is precious, let's enjoy it!**

We feel that every moment should be lived in joy! It's really not possible. If we are doing everything right in the office and our boss irritates us by finding some fault in it, then every moment should be lived in joy. At such a time, if we accept this truth of life, we will not feel pain or trouble in our mind. Similarly, if we have to do many things one after the other from morning to evening, then accept this truth or situation of life. We can face all the opposite situations without burdening the mind with any object or behaviour.

*** Acceptance of life's circumstances and expectations will be limited or negligible !!**

Every circumstance of our life is a statement of ritual. We live in an age where misunderstandings over small things in family or close relationships have become common. So let's accept all these truths or facts of life, instead of thinking about it and getting sad, let's accept it.

Similarly, the root of all these problems is our expectations. Times have changed. In earlier times, children in joint families used to serve their parents with respect, honour, love and respect. If the same is expected in the modern age, how can the children of that busy age fulfil it? If we accept the situation with our heart, perhaps the children themselves will become responsible.

So Accept all situations and Never Expect anything from anyone !!

*** Resolve that if there is struggle then there is success. We will not be afraid of the struggle or we will not be disappointed!**

Celebrate every struggle in life with as much enthusiasm as we party or celebrate New Year's Day. At the foundation of success in any area of life is unimaginable struggle. Struggle and hard work are the main rungs of the ladder of success. Many people allow laziness to enter their lives by relying on God, thinking that they will do it next year or work after a certain time. And if the python of laziness does not allow you to work hard, then how can the dire conditions of life change? Sri Krishna clearly explained in Bhagavad Gita, struggle is a part of life. Goal attainment is impossible without hard work or struggle. Only determination to win against external or internal conflict can give success or happiness in life. Arjuna won over the conflict of mind and fought the war, only then became victorious.

*** Cultivating patience, tolerance and consistency in life.**

Lack of patience, tolerance and consistency is everywhere in today's age. Every problem in life has its root in this defect. Today, family or marriage relationships are broken in a moment. Everyone wants to achieve success and perfection in a pinch. People committing suicide are increasing than natural deaths. In times of struggle or failure, learn to be patient and think, "This too shall pass." Trust in God. Learn to think instead of worrying about everything. Learn to have mental courage in life. Develop consistency in our behaviour. We know that the fruits of patience are sweet!

*** Confidence and trust are essential in life.**

Confidence means trusting yourself. Resolve to develop firm faith in

one's own strength and abilities is necessary. It is important not to lose self-confidence by seeing the indolence of many weak, loose individuals. Confidence is not in talking but in completing work on time. Create a schedule to dedicate to tasks or life goals. Let us also develop a firm resolve to believe in humanity.

*** Resolve to read-meditate, devote time to one's 'self'.**

It is very important to devote time to one's favourite activity rather than fulfilling the goal or goal of life. Some time out of twenty four hours must be taken for reading or meditation. Activities like listening to music, reading, reading, walking in the lap of nature, enjoying entertainment media make life interesting and lively. Make a list of things you want to accomplish in life. take a trip In short, enjoy life to the fullest, explore new activities.

**Instead of achieving big things in the new year, make small dreams, try all the above resolutions to make them come true. Cultivate awareness to control the horse of your mind and its reins. Understand the value of time, don't just aim to chase after money, give time to family-relationships. Let's play with children, develop faith in God. This year will also be completed quickly. When summarising the year, it should be explained that we lived with positivity or liveliness. Ask for forgiveness in life, learn to forgive. Cultivate gratitude. Let's express love, respect and gratitude to everyone in small words. Let's thank God every day, for this beautiful life, for every moment of life, for the countless joys of life. Let us achieve the goal of life by the path of truth, policy and principles in life. Discipline, regularity, hard work are essential for success. Make both external and internal goals worthwhile.**

**Rita Manish Bhakta**
**M.A., B.Ed. Eng/Sans.**
**Editor : Bardoli/Abilene/USA**
**Email : ritabhakta72@gmail.com**

**Contact only Whatsapp message : 99095 94237**

**એડ્રેસ ચેઈન્જ માટે સંપર્ક ઈમેઈલ :**
**< addresschangekabirvani@gmail.com >**

**www.kabirvaniindia.com**

## કબીરવાણી શ્રી રામકબીર ભક્ત સમાજનું ધબકતુ અંગ !

**માજી પ્રા. ગોવિંદ ભ. ભક્ત**

કબીરવાણી શ્રી રામકબીર ભક્ત સમાજનું મુખપત્ર બની સમાજને ગૌરવવંતો બનાવી સમાજનું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે. ગામની ભાગોળ ગામની ઓળખ હોય. ભાગોળે વૃક્ષો હોય, પાણીની પરબ હોય, રમતગમતના સાધનો હોય, સ્વચ્છ અને સુઘડ ઘરો હોય તો તે ગામ આદર્શ ગામ ગણાય. આપણી ઓળખ - આપણી સંસ્કૃતિની ઓળખ એટલે કબીરવાણી. કબીરવાણીમાં પીરસાતુ સાહિત્ય કબીર સાહેબના સિદ્ધાંતોને અનુસરતા આપણા વડવાઓના જીવનનો નીચોડ છે.

કબીરવાણીમાં આપણા ભક્ત સમાજના કબીર ભક્ત ભાઈ-બહેનોના હસ્તે લખાતા કબીર સાહેબની અમૂલ્ય વાણી સાખીઓની સમજ પ્રગટ થતી રહે છે. વિશેષાંકોમાં વિદ્વાન લેખકોના કબીર વિચારધારાને પ્રગટ કરતા લેખો કબીરવાણીને મહેંક આપે છે. સમાજની સાંસ્કૃતિક, સામાજિક, શૈક્ષણિક, પ્રવૃત્તિ વગેરેનો અહેવાલ પણ કબીરવાણીમાં પ્રગટ થતો રહે છે. એટલે કબીરવાણી સમાજને જોડતુ એક મહત્ત્વનું અંગ છે. આપણું હૃદય છે, એમ કહીએ તો ખોટું નહિ ! એને ધબકતું રાખવું આપણા દરેકની નૈતિક અને સામાજિક ફરજ છે. એ કેમ વધારે ફળે, ફૂલે તે જોવાની આપણી ફરજ છે. સમય અને સંજોગો પ્રમાણે એમાં **downfall** કે ઝોક આવે તો આપણે તેને **Healthy** કેવી રીતે બનાવીએ તે વિશે વિચાર કરી તેની તંદુરસ્તી કેમ ચાલુ રહે તે માટે સમાજના કાર્યકર્તા અને ભક્તજનોએ જરૂર પડયે ઘટતુ બલીદાન આપવું રહ્યું.

કબીરવાણી જો પ્રિન્ટ પ્રતમાં મળે તો અતિ ઉત્તમ પરંતુ સમય અને સંજોગો પ્રમાણે પરિવર્તનને સ્વીકારવુ રહ્યું. એટલે હવે **Online** પર "કબીરવાણી" પ્રગટ થતી રહેશે એમ જાણવા મળ્યું છે તો શ્રી રામકબીર ભક્ત સમાજ - ભારતના ટ્રસ્ટી મંડળ - કાર્યકર્તાઓને અભિનંદન - આભાર.

આપણે ભારતમાં કબીર મંદિર સુરત, કબીર મંદિર મુંબઈ, કબીરવડ આશ્રમ શુકલતીર્થ, ભક્તાશ્રમ શાળા નવસારી, **U.S.A.**માં ભક્ત કલ્ચર સેન્ટર નોર્વોક, શ્રી રામકબીર મંદિર કાર્સન જેવી ભવ્ય સંસ્થા નિર્માણ કરી શ્રી રામકબીર ભક્ત કલ્ચર જાળવવાનો ઉમદા પ્રયાસ કરી રહ્યા છે. 'કબીરવાણી' એ આ ઉમદા વારસો જાળવવા અતિ મહત્ત્વનું અંગ છે. સમાજના નિઃસ્વાર્થ ભાવે સેવા આપતા આપણા કાર્યકર્તાઓ અને સમાજના મેમ્બર્સને માટે આ એક કઠીન પરંતુ મસ્ટ ફુલફીલ કરવાની જવાદારી છે. કબીરવાણીના ભૂતપૂર્વ તંત્રીઓ અને હાલના શ્રીમતિ રીટાબેન મનીષભાઈ ભક્ત જેઓ

છેલ્લા ૧૯ વર્ષથી કબીરવાણીને સેવા આપી રહ્યા છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન...

"પરંપરા એ સંસ્કૃતિનું આભૂષણ છે." સમાજ વડે સંસ્કૃતિ બને છે. સમાજ કુટુંબોથી બનેલો છે. સમાજ ચારિત્રવાન અને સંસ્કારી બને તેના ત્રણ પાયા છે. કૌટુંબિક જીવન, રહેણી કરણી અને પરંપરા, ઉમદા સાંસ્કૃતિક પરંપરાવાળો સમાજ દીર્ઘાયુ બને છે. સંસ્કૃતિના મૂળ જેટલા ઊંડા તે મનુષ્યની, ઉત્ક્રાંતિમાં તેનું સામાજિક હોવું તે પરિબળ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સમૂહમાં રહીને જ માનવીએ અનેક વિકટ પડકારો ઝીલ્યા છે અને પોતાની શક્તિથી અનેક ગણી વધારે તાકાત પેદા કરી અનેક અવરોધો પાર કર્યા છે. અરસ પરસના સહયોગથી જ વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. વ્યક્તિ, પરિવાર, ગામ, જાતિ, મિત્રો, ભાગીદારો તેમજ સામાજિક, ધાર્મિક ઓર્ગોનિઝનો એમ અનેક જૂથોમાં સાથે રહીને જીવનમાં આનંદ અને ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે. સમૂહ - જૂથમાં રહેવું એ વિકાસનું ચાલક બળ છે. તેથી વિરુદ્ધ, જૂથો વચ્ચેની ઈર્ષા, અવિશ્વાસ અને સંઘર્ષને કારણે અગણિત સમસ્યાઓ સર્જાય છે. સમાજ અનેક તાણાવાણા દ્વારા વ્યક્તિઓને સામાજિક બંધનમાં રાખે છે. સમાન લક્ષ, સમાન લાગણી, અરસ પરસનો આદર એ મજબૂત થાંભલાઓ છે. જેના પર સામાજિક માળખું રચાયુ છે. "કબીરવાણી" આપણને એક તાંતણે બાંધી રાખે છે. "કબીરવાણી"ના ભૂતપૂર્વ તંત્રીઓ અને હાલના તંત્રી શ્રીમતિ રીટાબેન મનીષભાઈ ભક્ત જેઓ છેલ્લા ૧૯ વર્ષથી નિઃસ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન. નવું વર્ષ આપ સર્વને સર્વરીતે સુખદાયી નીવડો.

## QUOTABLEGEMS

OVER MANY YEARS NOW, I HAVE BEEN A REGULAR CONTRIBUTOR OF ARTICLES AND ESSAYS TO KABIRVANI, HOPING THAT READERS FIND THEM INFORMATIVE AND INTERESTING. TO THIS END, I HAVE WRITTEN NUMEROUS ONE LINER QUOTES MYSELF BUT INCLUDED A FEW GEMS FROM PROMINENT THINKERS AND COMPILED THEM INTO BEDTIME READING BOOKLETS. THESE GEMS ARE HOPEFULLY SERVING THE PURPOSE OF INSPIRING THE YOUNG OR SIMPLY AS ENTERTAINMENT FOR THE READERS. HENCE I SAW THE NEED TO SHARE THESE ALSO WITH KARBIVANI READERS.READ ON AND ENJOY………..

MANHAR. B. MOONEY (Vav)
BOTSWANA-AFRICA

**RICHES**

"Flaunting riches and putting them on display is a cheap expression of wealth"

**MARRIAGE**

“Before marriage “ask”, after marriage it is just “tell!”

**LIFETIME**

“A lifetime should not be spent, it should be lived”

**ZINDAGI**

“Zindagi gujari nahi jati, Ji jaati hai. (Hindi)”

**LOVE**

“Not expressing love at the opportune time could result in a lost opportunity”

**LEADERSHIP**

“Leadership is only when it is earned and not assumed”

**BENEVOLENCE**

“Benevolence and charity is dignified when it is offered with humility and an understanding that the real giver is Him”

**SHARING**

“The spirit of sharing enriches the soul”

**INVESTMENT**

“Charity should be considered as an investment towards a healthy society”

**PASSION**

“The world needs people who are passionate about bringing benevolent change”

**ONE WORLD**

“We all live in one world, yet we operate in divided segments. Eastern and ancient philosophy recognizes “Vasudeva Kutumbakum (the human race is one big family)”

**WEALTH CREATION**

“Wealth creation should be for a purpose and not just as an endless endeavor”

**WISDOM**

**“**Wisdom when combined with skills delivers better results, one without the other is incomplete”

**INDEBTED**

“Ancient wisdom declares that one can never gives more than one receives. Therefore, we depart from this world indebted to the Universe”

**BEAUTY**

“Any action performed out of duty is dignified since there is beauty in duty”

**DEBT**

“Any painful experience, should be considered as the squaring of a debt, feeling lighter at having squared”

**BETTER WORLD**

**“**Every individual should endeavor to deliver a better world than the one they received”

**INCLUSIVE SOCIETY**

“No individual can live on an island indefinitely. Endeavor to create an inclusive society with a spirit of sharing”

**DIFFERENTLY ABLED**

“We are all differently abled. Nature has arranged this”

**GIVING BACK**

“We get a feeling of gratitude when we receive anything, we should feel equally grateful when we have an opportunity of giving back”

**GIVER/TAKER**

“Givers are seldom takers and takers are usually not givers”

**ON TRACK**

“What goes around comes around. This awareness should keep one on track”

**RETIREMENT**

“A real retirement is when time is re-arranged and properly planned. Otherwise, a void can be a daunting experience”

### VISIT THE LONELY

"One effective way of spending quality time is to be with the lonely and filling the void in their life"

### RULER/SERVANT

"A benevolent ruler knows and acts like a servant of his people"

### ALL LIVING THINGS

"All of Nature's creation has an equal right to exist, therefore respect and co-exist with all of creation"

### EVERY ACTION

"Every action will bring a reaction. Think carefully before acting"

### KARMA

"The law of Karma (action) clearly indicates that there is a boon for every positive deed and a negative consequence for a bad deed, no additions or subtractions are possible"

### OPPORTUNITY

"To be able to serve without an ego should be considered as an opportunity, no more and no less"

### A PLUS

"Covid has brought many families and friends closer together"

### BOON OR DEBT

"Enjoyment can come from rewards of past good deeds. This comes with a responsibility to perform good deeds"

### ADVICE

"Many of us are fond of giving un-solicited advice, when in fact we may be needing some ourselves"

### PAY A PRICE

"In this day and age of much misery and stress, people strangely pay a price for being good!"

**ENEMY**

"Our biggest enemy lies within ourselves, **'the ego'**. An un-controlled ego devastates and destroys"

**CHARACTOR**

"The real nature, quality and character of an individual is revealed only when one engages with the person"

**KEEP GIVING**

"There are only two distinctly different types of individuals. Those that give and are destined to keep giving and others who will keep taking"

**EMBELLISHMENT**

"Real embellishment of one's personality comes from knowledge and not the apparel that one wears"

**SUCCESS**

"Do not fall a victim of your own success. One needs to digest success"

**BOATS**

"Let all boats rise with the tide when we consider that the world is one big family"

**FEAR**

"The only fear one should have is of wrong doing"

## ॥ આપણા શાસ્ત્રો એ જ આપણું સર્વસ્વ ॥

**જાગૃતિ વાય. ભક્ત-કપુરા**

ઝવેરાત ન બગડે એ માટે તિજોરી છે. ફ્રુટ ન બગડી જાય એ માટે ફ્રિજ છે. અનાજ ન બગડી જાય એ માટે ગોડાઉનની વ્યવસ્થા છે. કપડાં બગડી ન જાય એ માટે કબાટ છે. ધૂળથી આંખ ન બગડી જાય એ માટે ગોગલ્સ છે. રૂપિયાની નવી નકોર નોટો બગડી ન જાય એ માટે પાકીટ છે. તેમ માનવ જીવન બગડી ન જાય, આપણો મોક્ષ બગડી ન જાય તે માટે આપણા ઋષિ-મુનિઓએ આપણને શાસ્ત્રો આપ્યા છે. આપણા શાસ્ત્રોએ આપણને સર્વસ્વ આપ્યું છે. તેથી જ ભારતીય સંસ્કૃતિનો આધાર - શાસ્ત્રો છે તેમ આપણે કહીએ છીએ. ખરેખર આજના માણસોને પાસબુક, ચેકબુક અને ફેસબુકમાં બહુ જ રસ છે. તેટલો ધાર્મિક બુકમાં એટલે કે

શાસ્ત્રો-ગ્રંથોમાં રસ નથી. પરંતુ આપણે એમાં જેટલો વધુ રસ કેળવીશુ એટલા વધુ સુખ-શાંતિ પ્રાપ્ત કરી શકીશુ. જેમ આપણે મોબાઈલ ફોન વાપર્યા પછી તેને દરરોજ ચાર્જ કરીએ છે તેમ આપણે આપણા સંસ્કારો જાળવી રાખવા માટે શાસ્ત્રોના પઠન દ્વારા આપણું જીવન ચાર્જ કરવું જોઈએ.

આજે ઘણા માણસો પાસે સમય ઘણો હોય છે, છતાં તે શાસ્ત્રો વાંચતા નથી હોતા. તેની પાછળ તેઓ એવું કારણ બતાવતા હોય છે, કે અમે શાસ્ત્રો વાંચીએ છીએ પણ અમને યાદ નથી રહેતું, પછી વાંચીને શું કરવાનું ? વાંચવાનો શો અર્થ છે ? આપણે વિચારીને જોઈએ તો થોડીક તેમની વાત સાચી લાગશે. પરંતુ સંપૂર્ણ વાત તો સાચી નથી જ તેવું પણ લાગશે. કારણ કે ઘણાની યાદશક્તિ વધુ હોય છે, ઘણાની યાદશક્તિ ઓછી હોય છે. ઘણાને યાદ રાખવા પ્રયત્ન વધુ કરવો પડતો હોય છે ત્યારે યાદ રહેતુ હોય છે. ઘણાને થોડી મહેનતમાં યાદ રહી જતું હોય છે. તેવું જોવા મળે છે, પરંતુ ઓછું યાદ રહેવાને કારણે શાસ્ત્રો વાંચવાનું મૂકી દેવું તે યોગ્ય લાગતું નથી.

ચાલો, બે ઘડી માટે માનીલો કે નથી યાદ રહેતું તો પણ શાસ્ત્રો વાંચવા જોઈએ અને સાંભળવા પણ જોઈએ જ. શાસ્ત્રોનું જ્ઞાન યાદ ના રહે તો પણ લાભદાયી જ થાય છે. એક સંત એક ગામમાં રાત્રી પડી એટલે સંત કથા કરવા લાગ્યા. ઘણા માણસો બે-ત્રણ દિવસ સુધી આવ્યા. પછી કથામાં સંખ્યા ઘટવા લાગી, એટલે સંતે જે કથામાં આવતા બંધ થઈ ગયા તેમને પૂછયું કે, કથામાં કેમ નથી આવતા ? ત્યારે તેમણે કહ્યું, કે કથામાં આવીને શું કરવાનું ? અમને કાંઈ યાદ જ રહેતું નથી ને ? સંતે કહ્યું, કે સારું. મારું એક કામ કરોને. આ જુઓ સામે ટોપલો પડયો છે ને તેમાં નદીએથી પાણી ભરતા આવોને. એક ભાઈ પાણી પરવા માટે ગયા. લઈને આવ્યા ત્યાં તો પાણી ખાલી થઈ ગયું હતું. ફરી મોકલ્યા, ફરી એ જ પરિણામ. આમ ચાર-પાંચ વખત સંતે ક્રિયા કરાવી. ત્યારે પેલા ભાઈ કહે, કે આમાં પાણી ના રહે. ત્યારે સંત વાત કરી, કે બસ હું આ જ કહેવા માગું છું. ટોપલામાં ભલે પાણી ના રહે, પરંતુ પહેલા ટોપલો કેવો ગંદો હતો અને હવે કેવો ચોખ્ખો થઈ ગયો છે. તેમ તમને કથા ભલે યાદ કદાચ ના રહે તો પણ શાસ્ત્રોના શબ્દોની એવી તાકાત છે કે તમારા હૃદયમાં રહેલો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદી દોષો રૂપી કચરો સાફ અવશ્ય કરી જ દેશે. ગામના માણસોને વાત સમજાઈ ગઈ. કથામાં આવવાનું શરૂ કરી દીધું.

આજ વાત કચ્છમાં પ્રગટ થયેલ શ્રીજી સંકલ્પ મૂર્તિ જીવનપ્રાણ બાપાશ્રી આપણને સમજાવતા કહે છે, કે બળદ ઘઉં, ચોખા ખાઈ જાય તો પણ તેનો કસ રહી જાય છે. તેમ જે કથા સાંભળી હશે, શાસ્ત્રોનું પઠન કર્યું હશે તે સમય આવે ત્યારે યાદ આવી જાય છે અને આપણું કામ થઈ જાય છે. તેથી શાસ્ત્રો યાદ રહે તો સારું જ છે ને કદાચ યાદ ના રહે તો પણ તેનું પઠન

કરવાથી ફાયદો અવશ્ય થાય જ છે. સ્વામીનારાયણ સંપ્રદાયનો મૂળભૂત ગ્રંથ જે વચનામૃત, શિક્ષાપત્રી અને જીવનપ્રાણ, બાપાશ્રીની વાતો. આ ગ્રંથોનો તો એવો મહિમા છે, કે આ ગ્રંથને કોઈ માણસ વાંચે, સાંભળે કે તેના દર્શન માત્ર પણ કરે ને તો પણ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેને પોતાની મૂર્તિનું દિવ્યાતિ દિવ્ય મુખને પમાડે છે. આમ, આટલો બધો શાસ્ત્રોનો મહિમા છે. આજે માણસ સુખી થવા માટે અનેક પ્રયત્નો કરતા હોય છે, પરંતુ તેનાથી સુખ દૂરને દૂર જ ભાગતું હોય છે. એવો ઘણાં બધાને જીવનમાં અનુભવ થયો જ હશે. જીવનમાં સુખી થવું હોય તો શું કરવું જોઈએ ? તેનો આપણા શાસ્ત્રોમાં સરસ ઉપાય બતાવેલો છે. તેથી આપણા માટે આપણા શાસ્ત્રો જ આપણું સર્વસ્વ છે.

જો જીવનમાં સુખી થવું હોય તો ભોજન અને ભજનમાં પહેલા રહેવું જોઈએ. ફોટામાં વચ્ચે રહેવું જોઈએ અને કજીયામાં છેલ્લાં રહેવું જોઈએ. રામકબીર.

## ॥ મધુરાધિપતે શ્રીકૃષ્ણ ॥

**ડો. રેખા ભટ્ટ**

રામ અને કૃષ્ણ બંનેના વ્યક્તિત્વ વિશિષ્ટ પરંતુ એક બીજાથી જુદા. શ્રાવણ માસમાં કૃષ્ણના જન્મનો દિવસ અષ્ટમી 'જન્માષ્ટમી' તરીકે આપણે આનંદભેર ઉજવીએ છીએ. આ પ્રસંગે કૃષ્ણના જીવનની એક વિશિષ્ટતાની વાત કરવી છે.

ભગવાન શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન મેનેજમેન્ટની દૃષ્ટિએ આદર્શરૂપ છે. શ્રીકૃષ્ણ શબ્દ સાંભળતા જ આપણી સમક્ષ મોરપીંછ, બાંસુરી, સુદર્શન ચક્રધારી કૃષ્ણની છબી તાદૃશ્ય થઈ જાય છે. કૃષ્ણના જીવન સાથે જોડાયેલી વસ્તુઓ તેમના માટે મહત્ત્વની હતી. તેમના જીવનનો પ્રમુખ હિસ્સો હતી. આ બધી વસ્તુઓનો ઉલ્લેખ ભાગવત, પદ્મપુરાણ જેવા ગ્રંથોમાં અલગ અલગ રીતે કરવામાં આવ્યો છે. પરંતુ તેની વિશિષ્ટતા એ છે કે આ બધી જ વસ્તુ શ્રીકૃષ્ણને ઉપહારમાં મળેલી છે. જેને તેમણે જીવનભર પોતાની સાથે જ રાખી છે. પ્રેમથી આપેલી વસ્તુનો સ્વીકાર કરી સન્માન કર્યું છે.

શ્રીકૃષ્ણને નંદબાબાએ વાંસળી આપી હતી, રાધાજીએ મોરપીંછ અને ભગવાન પરશુરામે તેમને સુદર્શન ચક્ર આપ્યું હતું.

*** વાંસળી**

શ્રીકૃષ્ણને તેમના જીવનકાળ દરમ્યાન અનેક ઉપહાર મળ્યા હતાં. જેમાંથી વાંસળી બાળપણમાં તેમને નંદબબાએ આપી હતી. વાંસળી અંદરથી પોલી હોય છે. પરંતુ તેમાંથી સુમધુર અવાજ નીકળે છે, જે દરેકના મનને મોહી લે છે. તેના દ્વારા આપણને શીખ પણ મળે

છે કે આપણે આપણાં જીવનમાં અહંકાર, લાલચ, ક્રોધને પ્રવેશવા દેવા ન જોઈએ. મન, હૃદય શુદ્ધ રાખવા, ખરાબ વસ્તુથી સભર ન કરવા. મીઠા વચન જ બોલવા.

*** વૈંજયતીમાળા અને મોરપીંછ**

જ્યારે કૃષ્ણ થોડાં મોટા થયા ત્યારે રાધાજી અને ગોપીઓ સાથે રાસલીલા કરતાં હતાં. ત્યારે રાધાજીએ તેમને પ્રેમના પ્રતીક રૂપે વૈંજયતીમાળા અને મોરપીંછ ભેટ આપ્યા હતાં. શ્રીકૃષ્ણ માળા પોતાના ગળામાં પહેરતા અને મોરપીંછ માથા પર મુગટમાં ધારણ કરતાં હતાં. વૈંજયતીમાળા એટલે વિજય આપનારી માળા. એમાંથી એવો સંદેશ મળે છે કે આપણે ગમે તેવી પરિસ્થિતિમાં હકારાત્મક રહેવું જોઈએ, તો જ સફળતા અને વિજય મળે. મોરપીંછ પ્રકૃતિ પ્રત્યેના સન્માનની શીખ આપે છે. પ્રકૃતિ અને દરેક જીવ પ્રત્યે પ્રેમ રાખવો જરૂરી છે.

*** શંખ અને ધનુષ્ય**

શ્રીકૃષ્ણ વિદ્યાભ્યાસ માટે સાંદીપની ઋષિના આશ્રમમાં ગયા હતા. ત્યારે શંખાસુર નામના રાક્ષસે ગુરુપુત્રનું અપહરણ કર્યું હતું. શ્રીકૃષ્ણએ તેમને છોડાવ્યા. શંખાસુર પાસેથી તેમને જે શંખ મળ્યો તે પંચજન્યના નામથી ઓળખાયો અને ગુરુ સાંદીપનીએ તેમને અજિતંજય નામનું ધનુષ ભેટમાં આપ્યું હતું. ધનુષ્ય ઈચ્છાશક્તિનું પ્રતિક છે. અજિતંજય એટલે અજેય. જેને કોઈ હરાવી ન શકે. ઈચ્છાશક્તિથી કોઈપણ અસંભવ કાર્ય થઈ શકે. પંચજન્ય - એવા લોકોની મદદ કરવી કે જેઓ ધર્મ પ્રમાણે કર્મ કરતાં હોય.

*** સુદર્શન ચક્ર**

વિદ્યાભ્યાસ કર્યા પછી શ્રીકૃષ્ણની મુલાકાત પરશુરામજી સાથે થઈ. વિષ્ણુના અવતાર એવા પરશુરામે તેમને સુદર્શન ચક્ર ભેટમાં આપ્યું. જે આજીવન તેમની સાથે રહ્યું. ભગવાન શિવે ત્રિપુસસુરનો વધ કરવા તેનું નિર્માણ કર્યું હતું. પછી ભગવાન વિષ્ણુને આપ્યું હતું.

સુદર્શનનો અર્થ થાય સુંદર દેખાવવાળું. આ ચક્રથી શ્રીકૃષ્ણએ અનેક રાક્ષસો, આતતાયીઓનો વધ કરી બુરાઈનો નાશ કર્યો હતો.

વ્યક્તિએ પોતાના વ્યક્તિત્વને સુંદર બનાવી રાખવું જોઈએ. જો બુરાઈથી દૂર રહી શકાય તો જ વ્યક્તિત્વ શ્રીકૃષ્ણ જેવું સુંદર બનાવી શકાય.

શ્રીકૃષ્ણ ભગવાન માટે કહેવાયું છે ને...

અધરં મધુરં વદનં મધુરં
નયનં મધુરં હસિતં મધુરં
મધુરાધિપતેરાખિલં મધુરં...

## ॥ સંયમિત વાણી ॥

ડો. અશ્વિની એમ. કાપડીઆ–સુરત

**પ્રાસ્તાવિક :**

જીવનના પ્રત્યેક વ્યવહારને કોઈને કોઈ મૂલ્ય માર્ગદર્શન આપે છે. મૂલ્યને કારણે સાચું શું અને ખોટું શું તે નક્કી થાય છે. મોટા ભાગનાં મૂલ્યો ગૌતમબુદ્ધના ઉપદેશ અનુસાર મધ્યમ માર્ગ અપનાવવાનું જણાવે છે. આ સંદર્ભે 'સંયમ' શબ્દ ખૂબ પ્રસ્તુત બને છે. સંયમ નથી પ્રતિબંધ ફરમાવતો, કે નથી અતિશય કરવાનું જણાવતો. સંયમ સમતુલા જાળવવાનું જણાવે છે.

**વાણીનું મહત્ત્વ :**

પ્રાણી જગતમાં માણસે જ ભાષા શોધી છે, અને મહદ્અંશે વાણીમાં ભાષાનો ઉપયોગ કરે છે. વાણીથી આપણે સાંભળનાર સમક્ષ રજૂ થઈએ છીએ, અને આપણી લાગણી પ્રગટાવીએ છીએ. આ કરતી વખતે સમાજનાં જે કોઈ પણ મૂલ્ય છે તે અનુસાર આપણે સારા કે નરસા દેખાઈએ છીએ. આમ આપણું આખું વ્યક્તિત્વ આપણી વાણી પર આધારિત છે.

**સંયમની જરૂરિયાત :**

આપણે વાણી દ્વારા પ્રગટ થઈએ છીએ. તેથી વાણીનો ઉપયોગ કરતા પહેલા વિવેક રાખવાનું ધ્યાન રહેવું જોઈએ. અતિશય વાણીવિલાસ આપણા બોલાયેલા શબ્દોના આપણને ગુલામ બનાવી દે છે આથી જ તો સંત કબીરજીએ જણાવ્યું છે :

अति का भला न बोलना ।
अति की भली न चुप ।।
अति का भला न बरसना ।
अति की भली न धूप ।।

કબીરનો આ દોહો સંયમિત વાણીના મૂલ્યને પ્રસ્થાપિત કરે છે. સંપૂર્ણ મૂંગા રહેવું, જરૂર પડે તો પણ ન બોલવું એ વલણ એક પ્રતિમૂલ્ય છે. જરૂર કરતાં વધારે બોલવું અને વગર કારણે બોલબોલ કરવું તે પણ એક પ્રતિમૂલ્ય છે. મૂલ્ય એ છે કે સમજી વિચારીને બોલવું, બોલ્યા પહેલા વિચારનારો ડાહ્યો છે. બોલ્યા પછી વિચારનારો મૂર્ખ છે.

વાણીમાં કડવાશ :

સાંભળનારને ઠપકારીએ તો પણ એને એવું લાગવું જોઈએ કે તેના હિતમાં આપણે ઠપકારીએ છીએ, બે કડવા શબ્દો બોલીએ છીએ. આપણી વાણી એવી હોવી જોઈએ કે સાંભળનારને એવું ન લાગે કે આપણી મોટાઈના બિભત્સ પ્રદર્શન ખાતર ઠપકારવા ખાતર ઠપકારીએ છીએ. આ સંદર્ભે કબીરજીએ સરસ કહ્યું છે :

ऐसी वाणी बोलिए मन का आप खोए;
औरन को शीतल करे, आपहुं शीतल होए।।

આ દોહામાં કબીરે તો સાંભળનારને શીતળતા મળે અને આપણને આનંદ મળે તેવી વાણી ઉચ્ચારવાનું કહ્યું છે. શક્ય હોય ત્યાં સુધી આવી જ વાણી ઉચ્ચારવી જોઈએ. પરંતુ કેટલીક વાર કડવી વાણી ઉચ્ચારવી પડે છે. સવાલ એ છે કે એવી વાણી ઉચ્ચારવી જોઈએ કે નહીં, અહીં જ સંયમિત વાણીનો મર્મ પકડવો જોઈએ. ખાસ કરીને કડવી વાણી બોલવાની ફરજ પડે ત્યારે ઓછામાં ઓછા શબ્દનો ઉપયોગ કરવો જોઈએ. દરેક શબ્દ પર જરૂરી ભાર મૂકાવો જોઈએ કે જેથી સાંભળનારને ખ્યાલ આવે કે તમે સહેતુક બોલી રહ્યા છો. તમારી વાણીમાં ક્રોધ ભેગો ન થઈ જાય તેની ખાસ કાળજી રાખવી. યાદ રાખવું કે ક્રોધમાં બોલાયેલ શબ્દો ઊલટું જ પરિણામ લાવે છે. અહીં જ વાણી સંયમિત કરવાની વિશેષ જરૂર છે.

**સમાપન :**

આપણી વિશેષ શક્તિ વાણી છે તો તેનો વિવેકપૂર્વક ઉપયોગ જ તમારું, મારું અને સમાજનું કુલ સુખ અને આનંદ વધારે છે. જન્મ નામના સ્ટેશનથી નીકળી આપણે સૌએ મૃત્યુ નામના સ્ટેશને પહોંચવાનું છે. વચગાળાનો જે પ્રવાસ છે તેનું નામ જિંદગી છે. જિંદગી આનંદભેર જીવી લેવા માટે વાણી નામના શસ્ત્રનો સંયમિત ઉપયોગ કરવો જોઈએ.

## ॥ પાપ કરે સો હરિ મિલે... ॥

**હસમુખ આર. ભક્ત-ઓરણા**
**પૂર્વ તંત્રી-કબીરવાણી**

**પાપ કરે સો હરિ મિલે, પાપ કરે સો ચૈન;**
**પાપ કરે સબકુછ મિલે, પાપ કરો દિન રૈન.**

કબીર સાહેબની આ ઉલટીવાણી ખૂબ માર્મિક અર્થ સમજાવી જાય છે. સામાન્ય અર્થમાં પાપ કરવાથી હરિ મળે, પાપ કરવાથી શાંતિ મળે, પાપ કરવાથી બધુ જ મળે તેથી દિવસ-રાત પાપ કર્યા જ કરો. આ અર્થ શાબ્દિક અર્થ છે. કબીર જેવા મહાપુરુષ જ્યારે આ વાત કહેતા હોય ત્યારે એનો કોઈ ગુઢાર્થ હોય જ. તેથી તેનો ખરેખરો અર્થ સમજવા માટે આ દોહાને જુદી રીતે વાંચનમાં લઈ તેનો કબીર સાહેબે આપેલ મર્મ સૂચક અર્થ સમજવો જરૂરી છે.

**પા (પ+કરે) તે હરિ મિલૈં, પા (પ+કરે) સો ચૈન;**
**પા (પ+કરે) સબ કુછ મિલે, પા (પ+કરે) દિન રૈન.**

પા પકરે અર્થાત્ પાઁવ પકડો, પરમાત્માની પ્રાપ્તિ માટે પ્રભુના પગ પકડી સેવા કરો.

પરમાત્મા સાથે ઐક્ય સાધી તેનુ ભજન તેનુ ધ્યાન દિવસ રાત કરાય તો માનવને શાંતિ પ્રાપ્ત થાય, તેથી પરમાત્માની પ્રાપ્તિ કાજે તેના પગ પકડી, તેના ચરણમાં તેના શરણમાં રહો. વાસ્તવમાં જીવનની સાર્થકતા ઈશ્વરની શરણાગતિમાં છે. પ્રભુના પવિત્ર ચરણોમાં જ શાંતિ છે. એ જ રીતે એક બીજા દોહામાં કબીર સાહેબ કહે છે, કે

**''દાસ કબીર કી ઉલટી બાની, બરસૈ કંબલ ભીજે પાની.''**

કબીર સાહેબની ઉલટી વાણી છે, કંબલની વર્ષા થાય છે ને પાણી ભીંજાય છે. કુંડલીની શક્તિ એટલે વિદ્વાનો તેને કંબલના અર્થમાં લે છે. પાનીનો અર્થ દરેક મનુષ્યનો જન્મ માતાપિતાના રજવીર્યના બુંદથી થયો છે. જેના માધ્યમથી ઈશ્વરની ભક્તિ થઈ શકે છે. પાનીથી બનેલ આ શરીર ત્યારે ભીંજાય છે જ્યારે મનુષ્ય પર ઈશ્વરની કૃપા રૂપી કંબલની વર્ષા પ્રભુની થાય છે. ઈશ્વરની શરણાગતિ સ્વીકારી કુંડલીની શક્તિ જાગૃત થતાં પાની રૂપી શરીર ઈશ્વરના કૃપા રૂપી કંબલથી હંમેશ ભીંજાયેલું રહે તેથી સત્સંગનો આશરો શ્રેષ્ઠ આસરો છે. અસ્તુ.

## ॥ એકલતા... હું અને મારી એકલતા... ॥

**ડો. નલીનીબેન ગીલીટવાલા-બીલીમોરા**

એકલતા એટલે ખાલીપો અનુભવવો. ઘરમાં કોઈ લગ્ન પ્રસંગ હોય, પુત્ર, પૌત્રો, સગાસંબંધીથી ભર્યું ભાદર્યું ઘર હોય અને આનંદ, મોજ, મસ્તીમાં દિવસો પસાર થતા હોય... દીકરીને સાસરે વળાવ્યા પછી બે દિવસમાં સહુ પોત પોતાના ઘરે જતાં ઘરમાં એકલા પડેલા મા-બાપ એકલતા અનુભવે છે.

બે ખાસ મિત્રો હોય અને એક મિત્ર પરદેશ ભણવા જાય ત્યારે બીજો મિત્ર તેની વગર એકલતા અનુભવે છે.

આવા તો ઘણાં પ્રસંગો આપણે આપણી આસપાસ અનુભવતા હોઈએ છીએ. વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોની મુલાકાત લઈશું તો જણાશે કે ત્યાં વૃદ્ધો પરિવાર વગર, જીવનસાથી વગર કેવા એકલતામાં ઝુરતા હોય છે.

આવી એકલતા આજે ટેકનોલોજીના યુગમાં પણ વ્યક્તિ અનુભવે છે. વોટ્સએપ, ફેસબુક અને ઈન્સ્ટ્રાગ્રામને આજે માનવને અંતરમુખી બનાવી દીધો છે. ઘરમાં પાસ પાસે બેઠેલા બે વ્યક્તિ ઘણી વાર એટલી એકલતા અનુભવે છે કે તે મનથી નબળી પડી જાય છે. એકલતા અનુભવતી વ્યક્તિ પોતાની વાત કોઈને કહી શકતી નથી અને આત્મહત્યા કરવા પ્રેરાય છે. ભીડમાં પણ માનવ આજે એકલતા અનુભવે છે.

આ એકલતા માણસને અંદરથી તોડી નાંખે છે. કહેવાય છે ને કે 'ઘાયલ કી ગત ઘાયલ જાણે' એમ એકલતાથી પીડાથી વ્યક્તિની વેદના તે વ્યક્તિ જ જાણી શકે.

એકલતા માટેની આટલી પ્રસ્તાવના કર્યા પછી હું આજે આ લેખ દ્વારા 'હું અને મારી એકલતા' વિશે મારી વાત કહું તો મારા મતે એકલતા એ એક અનુભૂતિ છે. જેમ સુખ અને દુઃખ એ મનનું કારણ છે તેમ એકલતા પણ વ્યક્તિ મનથી અનુભવે છે. 'એકલતાને કદી મન પર હાવી ન થવા દેવી' આ વાક્ય મારા મનમાં એવું અંકિત થઈ ગયું હતું કે હું આજે પણ એકલતા અનુભવતી નથી.

નિવૃત્ત જીવનમાં મારી એકલતામાં બે મુખ્ય સાથી છે : (૧) પુસ્તક (૨) આત્મસંવાદ.

પુસ્તક પ્રેમ મને ક્યારેય એકલતાનો અનુભવ કરવા દેતો નથી. વાચન, લેખન, મનન, ચિંતનમાં સમય પસાર થઈ જાય. પ્રભુકૃપાએ આંખ સારી, માનસિક રીતે સ્વસ્થ અને થોડી મૌલિક વિચારસરણી ધરાવતી હોવાથી મને મારી એકલતા ગમે છે.

બીજું આત્મસંવાદ. મને સંવાદ કરવાનું ગમે. સ્વ સાથે અને પ્રભુ સાથે. આત્મસંવાદ કરતાં આંતર ખોજ થાય. સ્વને ઓળખવાની તક મળે. પ્રભુ સાથે સંવાદમાં તે મારા વિચારોનું કેર્યારસીસ થાય. પછી દેન છે એકલતાની કે મને દુઃખી કરે !

મિત્રો, એકલામાં પણ આનંદની અનુભૂતિ કરી શકાય છે. તે માટે જરૂર છે માત્ર ને માત્ર હકારાત્મક વિચારસરણીની.

અંતમાં એટલું જ કહીશ કે એકલાતને દુશ્મન ન ગણી તેને દોસ્ત બનાવો તો એકલામાં પણ આનંદ અનુભવશો. માનવ સામાજિક પ્રાણી છે એટલે સમુહમાં રહેવાનું ગમે પણ એકલતા પણ આપણી આંતરિક શક્તિને ઉધ્વગામી બનાવી શકે છે. એમ જાણી 'હું ને મારી એકલતા'ને પરમ આનંદની અનુભૂતિ ગણશો ! ઘણાં સંત-મુનીઓ-ૠષિઓએ એકલતાના સહારે જ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે.

તો ચાલો આપણે નરમાંથી નારાયણ બનવાની ગતિ કરવા 'હું ને મારી એકલતા'ને પ્રેમથી વધાવીએ.

**સાહિબ તુમહિ દયાલ હો, તુમ લગ મેરી દૌર ।**
**જૈસે કાગ જહાજ કો, સૂઝૈ ઔર ન ઠૌર ॥**

**યદ્યપિ હમ કાયર કુટિલ, ખૈર ચાકરી ચોર ।**
**તદ્યપિ કૃપા ન છાંડિયે, ચિતૈ આપની ઓર ॥**

## ॥ કબીર કહે સત્સંગ કરી લો ॥

શા.હ.ભ.–ઓરણા

સત્સંગ દ્વારા જીવનમાં સુખશાંતિ, આનંદ, પ્રેમ, કરુણા, દયા, મમતા, સહનશીલતા, ભાવના જેવા ગુણો પ્રાપ્ત થાય છે. તે પ્રભુની સહુથી મોટી કૃપા છે, તેમ સમજો અને જેના ઘરમાં દરરોજ સત્સંગ, ચિંતન, મનન, પ્રાર્થના, ભક્તિ થાય છે તે ઘર શુદ્ધ-પવિત્ર-નિર્મળ બને છે. આ સત્સંગની એક અવિરત તાકાત છે, જે માનવીને સ્થિર બનાવી પ્રભુ તરફ વાળે છે. સત્સંગમાંથી જ સારા વિચારની સરવાણી થાય છે. તેમજ જગતમાં રહીને મનુષ્યને પ્રભુએ બુદ્ધિ, શક્તિ અને સારુ એવું જ્ઞાન આપી જીવનનો સારો એવો અવસર પ્રાપ્ત કરી દીધો છે.

આ સંસારના ચક્રવ્યુહમાંથી છૂટવા, સંસારમાં રહી ચેતીને જાગી જવા ભગવદ્ ભાવથી ભગવાનનું ભજન અને ભક્તિ કરી, પ્રેમભાવથી સત્સંગ કરી આગળ વધી જીવનને સારો એવો માહોલ બનાવો. તમને ઘરે બેઠાં અમૂલ્ય સોના જેવો કીમતી સમય મળ્યો છે. તો થોડો સમય સત્સંગને આપો. તમારું સારુએ જીવન તરી જશે અને સુખી થશો. સત્સંગ એટલે જીવનની સરીતા, જ્ઞાનગંગા તે બધું જ ઈશ્વર સમીપ રહેલુ છે. જીવનની અંદર રહીને દરેક મુશ્કેલીનો સાચો સરળ ઉપાય પ્રભુમાં એક સ્થિર બનીને ધ્યાન ધરી સત્સંગનો તાર પ્રભુ સુધી પહોંચાડો એ જ તમારી મુશ્કેલી દૂર કરી દેશે.

પ્રભુના દિવ્ય સત્સંગની અદ્ભુત પાઠશાળામાં જવાથી શુદ્ધ વિચાર, પવિત્રતા, પ્રસન્નતા અને સુખ-શાંતિ મળે છે. જો વિચારો સારા હશે તો સત્સંગ અને સત્કાર્યો થશે. જીવનના ઉધ્ધાર માટે સાચી જાગૃતિ, શાંતિ અને શ્રેષ્ઠ પ્રેરણા પ્રાપ્ત કરવા માટે સત્સંગ દરેક મનુષ્ય માટે ખૂબ જ ઉત્તમ અને જરૂરી છે. સત્સંગ એટલે પરમાત્માની સ્તુતિ. ઈશ્વરની કૃપા થાય તો જ સત્સંગનો દિવ્ય લાભ મળે છે અને સત્સંગ દ્વારા માનવી શુદ્ધ, પવિત્ર અને નિર્મળ બને છે.

કાહે ચુનાવે મેડિયાં કરતે દોડાદોડ
ચિટ્ઠી આયી રામકી, ગયે પલકમેં છોડ,
માટે કબીર કહે સત્સંગ કરી લો.

**ENGLISH SECTION & ISSUE No. : 382**

**JANUARY - 2024**

**English Section Sponsored by :**

**Late SHREE GOKULBHAI M. BHAKTA - VAV / TRINIDAD**

**Dr. Chaitanya Desai, Bardoli**

Dear Readers of Kabirvani,
Ram kabir !

Our community periodical, Kabirvani is entering into a new phase of its publication through Online mode. So, you will read it on the screen of your cellphone or laptop. Wishing you pleasant reading...!

I wish you are good readers, who would like to read many things. But how much would you read ? Best Seller Books are voluminous and in plenty. So, we have chosen some books from them, of varied subjects, and shall present here in a summary from, in a specific format ! You would love to read their themes, key points, notable quotes and its author's introduction. They cover different areas / topics - science, botany, psychology, literature, history, philosophy etc. So, let us start our joyful journey.

## Thus Spoke Zarathustra

**Friedrich Nietzsche**

***A Timeless Masterpiece that will Question Your Preconceptions***

Friedrich Nietzsche's philosophical novel, "Thus Spoke Zarathustra" (1883), not only delves into the themes of religion, morality, culture, and society but also follows the transformative journey of Zarathustra, a prophet emerging from his cave to impart wisdom to humanity. Throughout his odyssey, Zarathustra encounters a myriad of characters that test his vision, forcing him to grapple with his own shortcomings.

Published between 1883 and 1885, this work is considered one of Nietzsche's most significant contributions to philosophy. The novel explores profound themes such as the eternal recurrence, the will to power, and the concept of the Übermensch. Nietzsche employs a distinctive narrative style, channeling his philosophical ideas through the character of Zarathustraa fictional prophet who delivers thought-provoking discourses on various aspects of human existence. "Thus Spoke Zarathustra" boldly challenges conventional morality, religion, and societal norms, inviting readers to question their beliefs and adopt a more individualistic and self-overcoming perspective.

## Key Ideas:

### 1. The Übermensch (Overman or Superman)

In the initial section of "Thus Spoke Zarathustra," the journey towards the Übermensch, or overman, unfolds. The prologue introduces Zarathustra, a wise man who emerges from a decade of solitude in the mountains to share his insights with humanity. This journey, both physical and philosophical, mirrors Nietzsche's own philosophical thoughts.

Zarathustra's first encounter is with an old saint living in the forest, a figure who has renounced the world for God. Zarathustra boldly declares, "God is dead!" signifying Nietzsche's assertion that traditional foundations for morality and truth in God are no longer reliable. The saint's devoted life to God becomes outdated in the face of this realization.

Arriving at Motley Cow, Zarathustra preaches his central ideas, introducing the concept of the Übermensch, representing the pinnacle of human development. The Übermensch seeks meaning and truth within, rejecting external sources like God or absolute truth. Zarathustra emphasizes the imperative for individuals to strive towards becoming the Übermensch by embracing the world and life.

Zarathustra presents a progression towards the Übermensch in three stages: the camel, symbolizing self-discipline; the lion, representing independence; and the child, embodying self-creation. This progression involves struggle, suffering, and self-overcoming. Zarathustra contends that great passion is always accompanied by great suffering.

Encouraging people to embrace the physical world and its suffering, Zarathustra critiques false values, including nationalism, and challenges

traditional religious concepts. He dismisses women as secondary and criticizes notions of "loving thy neighbor" and "turning the other cheek" as signs of weakness.

Zarathustra warns against becoming "the last men," mediocre beings too fearful to realize their potential.

The townspeople, however, scoff at his warnings and express a desire to become these very "last men." Amidst this, a tightrope walker attempts a perilous feat in the town square but falls after being mocked. Zarathustra cradles the dying performer, realizing that his message is better suited for like-minded individuals willing to challenge societal norms.

This initial part of "Thus Spoke Zarathustra" serves as an introduction to Nietzsche's concepts of the Übermensch and the journey of self-realization. It critiques traditional sources of truth and morality, advocating for individuals to find meaning within themselves and embrace life despite its challenges. Zarathustra's expressive style, marked by metaphors, symbols, paradoxes, and irony, sets the tone for Nietzsche's provocative exploration of philosophy and human existence.

**2. The Will to Power:**

After encountering mockery and rejection in Motley Cow, Zarathustra retreats to his mountain sanctuary. However, a dream soon follows where a child reveals a devil's face in a mirror, signifying distorted interpretations of his teachings by enemies. Determined to clarify his message, Zarathustra returns to the people.

Zarathustra's reflections target traditional beliefs, particularly the virtue of restraint. He criticizes the emphasis on virtuous restraint, asserting that true virtue lies in wholeheartedly committing to one's deeds, contradicting the pursuit of inner peace.

Challenging the Christian value of pity, Zarathustra argues that showing pity to the unfortunate breeds resentment. Instead, he advocates for joy over pity, promoting a more positive and empowering perspective.

Zarathustra's teachings extend to a critique of egalitarianism, labeling advocates of democracy, justice, and equality as "tarantulas." He contends that life thrives on conflict, and enforcing equality hinders the overman's striving. These views align with Nietzsche's concept of "slave

morality," associating Christianity and democracy with the weak and powerless.

Zarathustra sees the pursuit of power, starting with self-power, as a life-driving force. Accumulating power allows liberation, but overcoming oneself is crucial. Life's impermanence and constant change are central themes, with Zarathustra criticizing those unwilling to act in the world. He introduces the concept of "inverse cripples" for successful individuals excelling in one area while remaining weak in others.

Amidst grappling with his role as a philosopher and preacher, Zarathustra experiences loneliness, recognizing the inherent opposition between speaking truth and popularity. A dark turn occurs as he falls into depression following a soothsayer's prediction of a future void of creativity. A dream of being a watchman in a coffin-filled castle takes a positive turn when laughter bursts from one coffin, reaffirming Zarathustra's belief in the importance of laughter, beauty, and kindness in life's struggles. Interludes of dancing and singing underscore Zarathustra's joyful approach to life, emphasizing the celebration of life alongside his critique of traditional values and the call for self-realization.

In this section, Nietzsche delves into the concept of the will to power, encouraging a profound reconsideration of age-old beliefs and morals. He urges a vibrant embrace of life, emphasizing the need for self-evolution and the crafting of meaningful values. This journey, reflective of nature's dance of challenges and victories, mirrors human potential for growth and transformation.

**3. Eternal Recurrence:**

In the third part of the novel, Zarathustra continues to confront the complacency and narrow-mindedness of those he encounters, along with the restrictions imposed by Christian morality.

Another pivotal philosophical concept grappled with is eternal recurrence, one of Nietzsche's renowned doctrines. This idea posits that everything that occurs has happened before and will happen again infinitely. However, Nietzsche doesn't see this as a stagnation of events but as a constant state of becoming, where nothing reaches a fixed, final state.

Zarathustra, however, struggles with the implications of eternal

recurrence, realizing that the mediocrity he fears will repeat endlessly. The sheer weight of this thought even leads him to faint at one point.

The return to civilization burdens Zarathustra as he observes people shrinking in spirit and becoming more complacent. Their pursuit of contentment grows, overshadowing their ability to assert their will.

Encountering Zarathustra's ape outside a large city adds another layer to the narrative. The ape, a fool emulating Zarathustra's teachings, warns against entering the city due to its small-minded inhabitants. Zarathustra, resisting hatred, suggests that if the fool despises the city, he should leave.

Inside the city, Zarathustra is disappointed to find some disciples turning to God for comfort instead of embracing self-overcoming. Pondering the three great evils of Christian morality  sex, the lust for power, and selfishness  Zarathustra concludes that none of them is inherently bad. Sex can be a joyous affirmation of life, the will to power is its driving force, and selfishness is merely taking pride in oneself.

In this part, Nietzsche calls on individuals to shed the weight of traditional, particularly Christian, morality. Through Zarathustra, he critiques how societal norms can stifle true potential, warning against the "spirit of gravity" that turns life into a burdensome test. Instead, Nietzsche advocates for life as an artwork, urging individuals to carve their own definitions of good and evil. It's a celebration of existence, an embrace of unpredictability, and a call to forge a path filled with passion and joy.

**4. Laughter in the Face of Eternity**

Returning to his mountain retreat, Zarathustra decides to cease actively seeking people and instead waits for his followers to come to him. The soothsayer from earlier in his journey reappears, advising Zarathustra to confront his final sin  pity. Soon after, hearing what he believes is a distress cry from the "higher man," Zarathustra sets out to find its source.

During his search, Zarathustra encounters a diverse array of characters. Two kings with a donkey, escaping mediocrity by abandoning their kingdoms, cross his path. Subsequently, he discovers a man lying in a swamp, seeking leeches to rid himself of prejudices.

Zarathustra then meets a magician feigning asceticism but later admitting to deception. Inviting the magician to his cave, Zarathustra encounters the last pope, devoid of faith in God, the "ugliest man" who claims

to have killed God, a voluntary beggar rejecting both rich and poor, and even his own shadow, lost after following him in the pursuit of truth. Instructing them to wait in his cave, Zarathustra returns later, realizing that the distress cry was a collective expression from all the men he encountered, each carrying a fragment of the overman's spirit.

Addressing the assembled group, Zarathustra acknowledges that they are not yet overmen but bridges to the overman. They celebrate with a feast, and Zarathustra delivers a speech on the value of self-overcoming, encompassing courage, evil, suffering, self-motivation, and solitude. Amidst these aspects, he urges them not to forget the importance of laughter and dance.

Songs are sung, and Zarathustra is pleased to see the spirit of gravity dispelled. However, upon briefly leaving and returning, he finds everyone praying to the "king's ass"  the donkey. Despite chastising them, he interprets this unity as a positive sign.

Zarathustra then sings "The Drunken Song," reflecting on profound joy and sorrow and their inseparable connection. Reminding his guests that saying yes to one joy is saying yes to all woe, Zarathustra emphasizes the interconnectedness of all things.

Upon waking the next morning, Zarathustra finds a lion outside his cave the second stage on the path to the overman. Seeing it as a sign of the overman's imminent arrival, Zarathustra, before leaving his cave once more, concludes the novel with the words: "My day beginneth: Arise now, arise, thou great noonday!"

In this part, Nietzsche portrays Zarathustra's journey, encountering characters representing various human traits and societal norms. Each character, including kings and Zarathustra's shadow, holds a fragment of the ideal "overman" spirit. The cautionary tale of the "king's ass" warns against mindless worship, while the appearance of the lion symbolizes progress toward becoming the overman. Ultimately, Zarathustra emphasizes embracing life's full spectrum  its highs and lows, joys and pains  and looking ahead with hope.

**Final summary:**

"Thus Spoke Zarathustra" is a philosophical masterpiece that delves into Nietzsche's most profound ideas. Through the character of Zarathustra, the book challenges traditional morality, religion, and societal norms. The concept of the Übermensch, eternal recurrence, and the will to power are

central to Nietzsche's exploration of individualism and self-overcoming. The novel serves as a provocative call for readers to reassess their values, embrace personal greatness, and live authentically.

**Main Ideas:**

- **The Übermensch (Overman or Superman):** Nietzsche introduces the concept of the Übermensch, an individual who transcends conventional morality and societal norms. This figure represents the ultimate goal for humanity, encouraging self-realization and the pursuit of individual greatness.
- **Eternal Recurrence:** A central theme in the book is the idea of eternal recurrence, suggesting that every moment of our lives will be repeated infinitely. Nietzsche challenges readers to live their lives as if they would have to relive them over and over, questioning the meaning and value of each action.
- **The Will to Power:** Nietzsche explores the concept of the will to power as a fundamental driving force in human nature. This idea suggests that individuals are motivated by a desire for self-empowerment and dominance, influencing their actions and decisions.
- **Critique of Religion:** The novel offers a critical examination of organized religion and traditional morality. Zarathustra challenges established religious beliefs, advocating for a more individualistic and life-affirming approach to spirituality.
- **The Last Man:** Nietzsche introduces the concept of the "Last Man," representing a society that has succumbed to mediocrity and conformity. This idea serves as a warning against the dangers of complacency and the loss of individuality.

**About the Author:**

Friedrich Nietzsche (1844-1900) was a German philosopher, cultural critic, and philologist. Known for his critiques of religion, morality, and conventional wisdom, Nietzsche's works have had a profound impact on Western philosophy. Despite struggling with health issues throughout his life, Nietzsche produced a significant body of work, including "Thus Spoke Zarathustra," which remains a cornerstone of existentialist thought. His ideas continue to influence a wide range of disciplines, from philosophy to literature and psychology.

## Notable Quotes:

Thus Spoke Zarathustra" by Friedrich Nietzsche is rich with profound and thought-provoking quotes. Here are some notable quotes from the book:

1. "God is dead. God remains dead. And we have killed him. How shall we comfort ourselves, the murderers of all murderers?"
2. "Man is a rope, tied between beast and overmana rope over an abyss."
3. "The individual has always had to struggle to keep from being overwhelmed by the tribe. If you try it, you will be lonely often, and sometimes frightened. But no price is too high to pay for the privilege of owning yourself."
4. "He who climbs upon the highest mountains laughs at all tragedies, real or imaginary."
5. "I teach you the overman. Man is something that shall be overcome. What have you done to overcome him?"
6. "To live is to suffer, to survive is to find some meaning in the suffering."
7. "In every real man, a child is hidden that wants to play."
8. "One must still have chaos in oneself to be able to give birth to a dancing star."
9. "You must be ready to burn yourself in your own flame; how could you rise anew if you have not first become ashes?"
10. "The higher we soar, the smaller we appear to those who cannot fly."
11. "The thought of suicide is a great consolation: by means of it one gets through many a dark night."
12. "And once you are awake, you shall remain awake eternally."
13. "That which does not kill us makes us stronger."
14. "Whoever fights monsters should see to it that in the process he does not become a monster. And if you gaze long enough into an abyss, the abyss will gaze back into you."
15. "I am a forest, and a night of dark trees: but he who is not afraid of my darkness, will find banks full of roses under my cypresses."
16. "The essence of all beautiful art, all great art, is gratitude."
17. "He who has a why to live can bear almost any how."
18. "Without music, life would be a mistake."
19. "It is not a lack of love, but a lack of friendship that makes unhappy marriages."
20. "And we should consider every day lost on which we have not danced at least once."

These quotes capture some of the key themes and philosophies presented by Nietzsche in "Thus Spoke Zarathustra. (2480 words)

ઈહ વર્તમાન જગતમાં આપણે પારકાના પ્રભાવ અને પરતેજના અજવાળામાં સ્વનું અસ્તિત્વ અને આત્મસન્માન ભૂલીને અળસીયા જેવા બની ક્યાં સુધી રહીશું, ઘેટાં અને બકરાં જેવા. (જેઓને તેનો માલીક જેમ દોરે તેમ દોરવાઈ જાય છે.) જ્યારે આપણે સૌ મા ભારતીના વિશ્વ સમસ્તમાં અત્યંતિક સુસંસ્કૃત અને સૂર્ય સમાન તેજસ્વી બુદ્ધિશાળી ઋષિઓના સિંહ સમાન સંતાનો છીએ. આપણે આપણો માર્ગ સ્વયં નિર્માણ કરવાને સક્ષમ છીએ.

આવા સમયે આજની શુભ પ્રભાતે વિશ્વાત્મા જગદ્‌ગુરુ યોગેશ્વર શ્રી કૃષ્ણ ભગવાન સ્વયંમ્‌ની સમસ્ત બ્રહ્માંડોના હરએક જીવોના ઉત્કર્ષ અને કલ્યાણ અર્થે તેમના સ્વમુખે સહજ સ્ફુરેલી ભગવદવાણી એટલે શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા જે મારા તમારા વિશ્વના તમામ પ્રાણીઓ માટે અબાલવૃદ્ધ અને કાલાબાધિત, દિવ્ય અને સર્વ સમર્થ છે, તેના અધ્યાય ૧૦ના શ્લોક ૪૧મા ક્ષણિક દૃષ્ટિ કરીશુ...

यद्यद्विभूतिमत्सत्वं श्रीमदर्जितमेव वा ।
तत्देवावगच्छ त्वं मम तेजोडशसम्भवम् ।। १४ ।।

Yad yad vibhutimat sattvam shrimad urjitam eva va
Tat tad evavagachchha tvam mama tejo nsha-sambhavam

Yat yat - whatever; vibhutimat - opulent, sattvam - being; shri-mat - beautiful; urjitam - glorious; eva - also; va - or; tat tat - all that; eva - only; avagachchha - know; tvam - you; mama - my; tejah - splendor; ansha - a part; sambhavam - born of

Yad yad vibhutimat sattvam shrimad urjitam eva va
tat tad evavagachchha tvam mama tejo nsha-sambhavam

Whatever you see as beautiful, glorious, or powerful, know it to spring from but a spark of my splendor (magnificent and splendid appearance features or qualities; grandeur.)

વિશ્વ નિર્માતા પરમાત્મા સ્વયંભુ, અવ્યક્ત, નિરાકાર અને અસંગ એ પોતાની વ્યક્ત અને સાકાર સ્વરૂપની રચના, જે તેમણે પરા અને અપરા (અષ્ટધા પ્રકૃતિ) થી ૨૦ પ્રકારના જુદા જુદા ભાવો (વિકારો) કહેવાય છે - બુદ્ધિ (નિશ્ચય કરવાની શક્તિ), તત્વજ્ઞાન (અમર્યાદ જ્ઞાન), નિર્મોહતા (અમૂઢતા), સહનશીલતા, ક્ષમા, સત્ય, મનોનિગ્રહ (શમ), ઈન્દ્રિયનિગ્રહ (દમ), સુખ દુઃખ, ઉત્પત્તિ વિનાશ, ભય અભય, યશ અપયશ, અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન એવા ભાવો થકી આ જગત છવાયેલુ (વ્યાપ્ત) છે. જે પરમાત્માની ૧૧ વિભૂતિઓ ઉપરાંત કહે છે, હે ! નિશ્પાપ ધનંજય, મહાબાહો, અર્જુન આ ચરાચર જગતમાં જ્યાં જ્યાં તને તેજસ્વી, ઓજસ્વી, પરમ પ્રતાપ ભુત, ભવિષ્ય અને વર્તમાનમાં દેખાય કે દેખાશે તે મારાં જ તેજથી થયેલા અંશ છે તેમ જાણ.

રાજેન્દ્ર દ. ભક્ત
Prescott valley AZ USA /ઓરણા

# KABIRVANI

જૂના-નવા એડ્રેસ માટે ઈ-મેઈલ   પત્ર વ્યવહાર તેમજ અન્ય માહિતી માટે ઈ-મેઈલ

< addresschangekabirvani@gmail.com >

Kabirvani Facebook page - Kabirvani BhaktaSamaj


## 'સત્સંગથી સત્ત્વગુણ વિકાસ'


હસમુખ આર. ભક્ત-ઓરણા
પૂર્વ તંત્રી-કબીરવાણી


સત્સંગનો મહિમા સમજાવતાં ઉદ્ધવજીને શ્રી યોગેશ્વર કૃષ્ણ કહે છે, કે 'મારો ભક્ત મને પ્રાપ્ત કરે છે. તે માટે સત્સંગ જેવું એકપણ સાધન નથી. યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, દક્ષિણા, વ્રત, યજ્ઞ, તીર્થ, યમ, નિયમ અને વેદમંત્રો દ્વારા જેટલી મારી પ્રાપ્તિ નથી, તેટલી જ સત્સંગ દ્વારા થાય છે. વૃત્તાસુર, પ્રહલાદ, વૃષપર્ણા, બલિ, બાણાસુર, મયદાનવ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન, જામ્બવાન, ગજેન્દ્ર, જટાયુ, તુલાધાર વૈશ્ય અને બીજા ભક્તો સત્સંગ દ્વારા જ મને પ્રાપ્ત કરી શક્યા છે. હે ઉદ્ધવ ! જ્યારે અક્રુરજી બલરામભૈયા સાથે મન વ્રજમાંથી મથુરા લઈ આવ્યા ત્યારે ગોપીઓનું હૃદય અત્યંત પ્રેમને કારણે મારા અનુરાગમાં રંગાયેલું હતું. ગોપીઓ ત્યારે મારા વાસ્તવિક સ્વરૂપને જાણતી પણ ન હતી. એ ગોપીઓ મને તેમનો પ્રિયતમ જ સમજતી હતી. એ સાધનહીન ગોપીઓએ માત્ર મારા સંગના પ્રભાવથી જ મને (પરબ્રહ્મ, પરમાત્માને) પામી લીધો હતો.

'સત્વ, રજ અને તમ - એ ત્રણે ગુણો 'ઉદ્ધવ' બુદ્ધિના ગુણો છે. આત્માના નહીં. જ્યારે સત્વગુણ મનુષ્યોમાં પૂરેપૂરો વિકસી જાય છે ત્યારે રજોગુણ અને તમોગુણનો તે સંપૂર્ણ પણે નાશ કરી દે છે. અધર્મ જ રજોગુણ અને તમોગુણનુ મૂળ છે. જે રીતે વાંસના ઘર્ષણથી ઉત્પન્ન થયેલ અગ્નિ સમગ્ર વાંસના જંગલને ભસ્મિભૂત કરી પછી સ્વયં શાંત થઈ જાય છે. તે જ રીતે ત્રણે ગુણોના મિશ્રણથી ઉત્પન્ન થયેલું આ શરીર કર્મ-શૃંખલાથી શાંત થઈ જાય ત્યારે કર્મ સાથે જોડાયેલી વાસનાઓ પણ ભસ્મ થઈ જાય છે. ઉદ્ધવને કૃષ્ણ સખા આત્મીય જ્ઞાન આપતા કહે છે, કે 'જેમ પ્રચંડ અગ્નિ બધાં લાકડાંને બાળી ભસ્મ કરી દે છે તેમ મારા માટે થયેલી ભક્તિ (મદ્‌વિષયા ભક્તિઃ) પણ સઘળા પાપસમુહોને ભસ્મ કરી નાંખે છે. હું સંતોનો પ્રિય છું તેમનો અત્મા છું. એકમાત્ર શ્રદ્ધાયુક્ત ભક્તિથી જ હું તેમને પ્રાપ્ત થાઉં છું. જે કોઈ મનુષ્યે સત્ય અને દયાપૂર્વક ધર્મનું પાલન કર્યું હોય અને તપસ્યાપૂર્ણ વિદ્યાભ્યાસ કર્યો હોય, પરંતુ જો તે મનુષ્ય મારી ભક્તિથી રહિત હોય તો તે ધર્મ કે અભ્યાસ તેને પવિત્ર કરી ન શકે. ભક્તિ કરતાં કરતાં હૃદય રોમાંચ ન અનુભવે, ચિત્ત પીગળી ન જાય અને આનંદથી અશ્રુ ન છલકાય ત્યાં સુધી ભક્તનું હૃદય પૂર્ણપણે શુદ્ધ થતું નથી. કળિયુગ એટલે કે આ વર્તમાન સમયમાં કૃષ્ણે ઉદ્ધવને આપેલ સંદેશ સત્‌સંગ જેવું અન્ય કોઈ સાધન નથી. એ પૃથ્વીલોકના પામર માનવસમુદાય માટે યોગ્ય છે. માટે સત્‌સંગને સાધન બનાવી પરમાત્મા સમીપ ડગ ભરવા કૃતનિશ્ચયી બની રહીએ. અસ્તુ.


| શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ | શાખા | શ્રી કબીર મહારાજ મંદિર ટ્રસ્ટ |
| --- | --- | --- |
| બેગમપુરા, ખાંગડશેરી | ૧૯-૨૧, ગોકુલબાગ, તેજપાલ રોડ | મુ. કબીરવડ, પો. મંગલેશ્વર |
| સુરત : ૩૯૫૦૦૩ | વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૭ | તા. જિ. ભરૂચ |
| ફોન નં. : ૨૪૧૭૮૭૫ | ફોન નં.: ૨૬૧૧૪૨૪૪, ૨૬૧૬૬૧૬૬ | ફોન : (૦૨૬૪૫) ૨૯૦૫૨૭ |
| ૨૪૨૦૧૩૮ | મો. ૦૭૫૦૬૬૩૮૨૧૫ | મો.: ૯૪૨૬૮-૧૧૭૯૪ |